# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૬ તા.૧૯-૧૨-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૧-૧-૨૦ લાયકાત તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના સુધારેલ કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- નં.ઈએલઆર / ૪૮-ઠક્કરબાપાનગર / મ.યાદી.સ.સુધારણા / કાર્યક્રમ / ૨૦૧૯ તા.૧૮-૧૨-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ભારતના ચૂંટણીપંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના સુધારેલ કાર્યક્રમ મુજબ હક્ક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૧૬-૧૨-૧૯(સોમવાર) થી તા.૧૫-૧-૨૦ નિયત કરવામાં આવેલ છે.

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૧૬-૧૨-૧૯ના રોજથી શરૂ થનાર મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ અન્વયે તા.૨૨-૧૨-૧૯(રવિવાર), તા.૫-૧-૨૦(રવિવાર) અને તા.૧૨-૧-૨૦ (રવિવાર)ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવામાં આવેલ છે. આ ખાસ ઝુંબેશના દિવસોએ જે શાળાઓમાં મતદાન મથક આવેલ હોય તેવી શાળાઓ ઉકત દર્શાવેલ તારીખે સવારે ૯-૦૦ થી ૬-૦૦ કલાક સુધી ખુલ્લી રાખવા પગી/સિક્યુરીટીને સૂચના આપશો તેમજ આવનાર બીએલઓ. માટે જરૂરી ફર્નીચર, પાણીની વ્યવસ્થા કરી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૯-૧૨-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

Greater Participation For a Stronger Democracy

ELECTION
IMMEDIATE

Phone : 079 - 27552832
Fax No.: 079 – 27552832
Email Id: ro48elc@gmail.com

Jilla Seva Sadan, First Floor, Collector Office,
Subhash Bridge Circle, Ahmedabad-14

**OFFICE OF THE**

**ELECTORAL REGISTRATION OFFICER 48 – THAKKARBAPANAGAR A.C.**

નં.ઇએલઆર/૪૮-ઠકકરબાપાનગર/મ.યાદી.સ.સુધારણા/કાર્યક્રમ/૨૦૧૯

તારીખ-૧૮/૧૨/૨૦૧૯

પ્રતિ,

૧) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ઉત્તર ઝોન, મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજીવ ગાંધી ભવન, મેમ્કો, સૈજપુર, અમદાવાદ.

૨) શાસનાધિકારીશ્રી, સ્કુલ બોર્ડ, નવરંગપુરા, અમદાવાદ

3) શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર, બહુમાળી ભવન વસ્ત્રાપુર, અમદાવાદ

વિષય:- તા.૦૧/૦૧/૨૦૨૦ લાયકાત તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના સુધારેલા કાર્યક્રમ બાબત.

સંદર્ભ:- અ.મુ.નિ.અધિ.શ્રી,ગુ.રા.ના પત્ર ક્.-ઇએલઆર/૧૪૨૦/૨૯૫(રા/છ તા.૧૬.૧૨.૧૯

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ભારતના ચૂંટણીપંચ ધ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના સુધારેલ કાર્યક્રમ મુજબ હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૧૬.૧૨.૨૦૧૯ (સોમવાર) થી તા.૧૫.૦૧.૨૦૨૦ નિયત કરવામાં આવેલ છે.

ભારતના ચૂંટણીપંચ ધ્વારા તા.૧૬.૧૨.૨૦૧૯ના રોજથી શરૂ થનાર મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ અન્વયે <u>તા.૨૨/૧૨/૨૦૧૯ (રવિવાર), તા.૦૫/૦૧/૨૦૨૦ (રવિવાર) અને તા.૧૨/૦૧/૨૦૨૦ (રવિવાર)ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવા મંજુરી આપવામાં આવેલ છે.</u> આ ખાસ ઝુંબેશના દિવસોએ આપના હસ્તકની શાળા/કચેરી અત્રેની વિધાનસભામાં સમાવિષ્ટ મતદાન મથકો પત્રમાં દર્શાવેલ તારીખે સવારે ૯.૦૦ થી ૬.૦૦ કલાક સુધીમાં ખુલ્લા રખાવવા આપના તાબાના કર્મચારીશ્રીઓને સુચના અપાઇ જવા વિનંતી છે.

મતદાર નોંધણી અધિકારી વતી
૪૮ - ઠકકરબાપાનગર મતદાર વિભાગ અને
અધિક નિવાસી નાયબ કલેકટર
અમદાવાદ

નકલ રવાના:-

૨/- વહીવટી અધિકારીશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મહાનગર સેવા સદન, સૈજપુર વોર્ડ, સબ ઝોનલ ઓફીસ ઉત્તર ઝોન, અમદાવાદ તરફ બુથ નં. ૫૧ તથા ૫૨, પત્રમાં જણાવેલ તારીખોએ કચેરી ખુલ્લી રખાવવા જરૂરી કાર્યવાહી સારૂ.

Scanned by CamScanner